**Enrollment No: ____________________** **Exam Seat No:____________________**

# C.U.SHAH UNIVERSITY
## Summer Examination-2018

**Subject Name: Accounting & Finance-IV**

**Subject Code: 4CO04AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 4** **Date: 14/05/2018** **Time: 10:30 To 01:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** વીમાકંપનીઓ માટે કઇ સ્વતંત્ર નિયમનકારી બોડી ઓથોરીટીની રચના કરવામાં આવી છે? 1

(A) ટ્રાઇ(TRAI) (B)ઇરડા(IRDA)

(C)આર.બી.આઇ(RBI) (D)ઉપરનામાંથી કોઇપણ નહિ

**b)** સામાન્ય વીમામાં વીમાપોલિસીની મુદત સામાન્ય રીતે કેટલા વર્ષની હોય છે? 1

(A)એક વર્ષની (B)બે વર્ષની (C)ત્રણ વર્ષની (D)ચાર વર્ષની

**c)** નીચેના પૈકી કયુ પ્રીમીયમ વીમાકંપની માટે ખર્ચ છે? 1

(A)સીધા ધંધા પરનું (B)સ્વીકારેલ પુન:વીમા પરનું

(C)આપેલ પુન:વીમા પરનું (D)ઉપરનામાંથી કોઇપણ નહિ

**d)** સ્થિતિદર્શક નિવેદન............... 1

(A)પાકા સરવૈયા જેવું પત્રક છે

(B)કાચા સરવૈયા જેવું પત્રક છે

(C)નફા નુકશાન ખાતા સાથે સામ્ય ધરાવે છે.

(D) (A), (B), (C) કરતા અલગ પ્રકારનું પત્રક છે

**e)** સ્થિતિદર્શક નિવેદનમાં લેણીહુંડીઓ નીચેના લિસ્ટ મુજબ દર્શાવાય છે? 1

(A) List Eમાં (B) List Fમાં (C) List Dમાં (D)List Gમાં

**f)** પ્રોવિન્સિયલ ઇન્સોલ્વન્સી એક્ટ મુજબ નાદારીની કાર્યવાહી કરતા અધિકારીને શું કહેવામાં આવે છે? 1

(A)રિસીવર (B) ઓફિશિયલ એસાઇની

(C)લિક્વિડેટર (D) ઉપરનામાંથી કોઇપણ નહિ

**g)** નીચે દર્શાવેલ વિગતમાંથી કઇ વિગત તૂટખાતામાં સમાવાતી નથી તે જણાવો 1

(A)મિલકતની ચોપડે દર્શાવેલ કિંમત (B)શરૂનીમૂડી

(C)શેર સટ્ટામાં નુકશાની (D)જીવનવીમા પોલિસીનું શરણમૂલ્ય

**h)** રિસીવરનું મહેનતાણું............... 1

(A)સંપૂર્ણ સલામત લેણદાર તરીકે ચૂકવાય છે.

(B)સૌપ્રથમ ચૂકવાય છે.

(C)બિન સલામત લેણદાર તરીકે ચૂકવાય છે.

(D) પંસદગીના લેણદાર તરીકે ચૂકવાય છે.

**i)** આગનો વીમો રક્ષણ આપે છે 1

(A)વાસ્તવિક મિલકતોને (B)અવાસ્તવિક મિલકતોને

(C)અદશ્ય મિલકતોને (D)લાંબાગાળાની જવાબદારીઓને

**j)** નફાના નુકશાનની પોલીસીમાં સરેરાશ કલમ રક્ષણ પૂરુ પાડે છે? 1

(A)કામદારોને (B)વીમો ઉતારનારને (C)વીમો લેનારને (D)સરકારને

**k)** નફાના નુકશાનની પોલીસી બાંયધરી આપે છે? 1

(A)મૂડી નુકશાન (B)મહેસૂલી નુકશાન

(C)અંદાજી નુકશાન (D)એક પણનહિ

**l)** ............... વ્યવસાયની સૌથી મહત્વપૂર્ણ સંપતિ છે. 1

(A)રોકડ (B) સ્ટોક (C)બેન્ક ઓવરડ્રાફ્ટ (D)મશીનરી

**m)** ............... એ રોકડના ઉપયોગની આયોજિત નિયંત્રણની એક ટેકનિક છે. 1

(A)બજેટ (B)કેશબજેટ (C)આગાહી (D)સમયોજિતઆવક પધ્ધતિ

**n)** ઇન્વેનટરી સંચાલન એટલે............ 1

(A)માનવ સંશોધન સંચાલન (B)કુશળ નાણાકીય સંચાલન

(C)કુશળ વહીવટી સંચાલન (D) ઉપરનામાંથી કોઇપણ નહિ

**Q-2**

નીચેની વિગતો પરથી R જનરલ ઇન્સ્યોરન્સ કં. લિ ના ચોપડામાં તા. 31-03-2011 ના રોજ પૂરા થતા વર્ષનું આગ વિભાગનું મહેસૂલી ખાતુ તૈયાર કરો. **14**

| વિગત | રૂ | વિગત | રૂ |
|---|---|---|---|
| દાવા અંગે કાનૂની ખર્ચ | 2,000 | મોટર વેચાણ નુક્શાન | 4,000 |
| દાવાઓ ચૂકવ્યા | 4,98,000 | ઘસારો | 6,000 |
| ચૂકવવાના બાકી દાવાઓ (તા. 01-04-2010) | 40,000 | પુન:વીમા પ્રીમીયમ (ઉધાર) | 1,20,000 |
| બાકી દાવા (તા. 31-032011) | 70,000 | કમિશન | 2,00,000 |
| મળેલ પ્રીમીયમ | 12,00,000 | આપેલ પુન:વીમા પર કમિશન | 8,000 |
| પુન:વીમા વસૂલાત | 20,000 | સ્વીકારેલ પુન:વીમા પર કમિશન | 5,000 |
| વધારાનું અનામત | 20,000 | રોકાણ વેચાણ નફો | 2,000 |
| વ્યાજ- ડિવિડન્ડ કુલ | 1,20,000 | વહીવટી ખર્ચ | 2,95,000 |
| તેના પર વેરો | 20,000 | બાકી જોખમ અનામત (તા. 1-4-2010) | 4,00,000 |
| | | પ્રીમીયમનાં ઘટાડા રૂપે આપેલ બોનસ (જેની નોંધ થઇ નથી.) | 12,000 |

બાકી જોખમ અનામત નિયમ મુજબ રાખો. વધારાનું અનામત ચોખ્ખી પ્રીમીયમ આવકના 1% વધારવાનું છે.

**Q-3** **Attempt all questions** **(14)**

**A** તફાવત સમજાવો : મૂડી ખાતા અને તૂટ ખાતા **7**

**B** વીમો એટલે શું? વીમાના પ્રકારો જણાવો. **7**

| Q-4 | Attempt all questions | (14) |
|---|---|---|
| A | | 14 |

શ્રી R તા. 31-12-2010ના રોજ નાદારી માટે અરજી કરી તે દિવસે તેમનાં ચોપડા નીચેની બાકીઓ દર્શાવતા હતા :

| બાકી | ઉધાર | જમા |
|---|---|---|
| મૂડી | | 1,90,000 |
| યંત્રો (ઊપજવા ધારેલ રૂ 90,000) | 1,56,000 | |
| લેણીહુંડી (ઊપજવા ધારેલ રૂ 10,000) | 16,000 | |
| મકાન પર બોજધારી બેન્ક ઓવરડ્રાફ્ટ | | 65,000 |
| ધંધાનો સ્ટોક (ઊપજવા ધારેલ રૂ 1,10,000) | 2,00,000 | |
| મકાન (ઊપજવા ધારેલ રૂ 1,00,000) | 1,95,000 | |
| ફર્નિચર (ઊપજવા ધારેલ રૂ 20,000) | 24,000 | |
| સ્ટોક પર બોજધારી લેણદાર | | 2,30,000 |
| લેણદારો | | 2,26,000 |
| અન્ય મિલકતો (ઊપજવા ધારેલ રૂ 30,000) | 44,000 | |
| દેવાદારો (1) સધ્ધર 30,000<br>(2) શકમંદ (ઊપજશે 40%) 20,000<br>(3) ડૂબત 25,000 | 75,000 | |
| હાથ પર રોકડ | 1,000 | |

વટાવેલી હુંડી અંગેની જવાબદરી રૂ 65,000 છે. જે પૈકી રૂ 20,000 ચૂકવવા પડશે તેમ માનવામાં આવે છે.

તેમની અંગત મિલકતો અને જવાબદારીઓ અનુક્રમે રૂ 26,000 અને 17,000 છે. મિલકતોના રૂ 20,000 ઉપજવા ધારેલ છે.

રિસીવરનો ખર્ચ રૂ 4,000 અંદાજવામાં આવ્યો. લેણદારોમાં બે ક્લાર્કનો પગાર રૂ 280 લેખે ત્રણ માસનો પગાર, માસિક રૂ 200 લેખે બે માસનું ભાડું અને ત્રણ કામદારોને દરેકને રૂ 90 લેખે ચાર માસની મજૂરીનો સમાવેશ થાય છે.

R ત્રણ વર્ષ પહેલા રૂ 2,85,000 ની શરૂ આતની મૂડીથી તા. 1-1-2008ના રોજ ધંધો શરૂ કર્યો હતો. પહેલા વર્ષે રૂ 35,000 નો નફો થયો હતો જ્યારે બીજા અને ત્રીજા વર્ષે અનુક્રમે રૂ 30,000 અને 40,000 ની ખોટ કરી હતી. આ ત્રણ વર્ષ દરમિયાન તેમનો ઉપાડ રૂ 60,000 હતો.

ઉપરની માહિતી પરથી સ્થિતિદર્શક નિવેદન અને તૂટ ખાતું તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| **Q-5** | | **Attempt all question** | **(14)** |
| | **A** | ટૂંકનોંધ સમજાવો : એવરેજ કલોઝ | **7** |
| | **B** | ટૂંકનોંધ સમજાવો : IRDA | **7** |
| **Q-6** | | **Attempt all questions** | **(14)** |
| | A | રોકડ સંચાલનનું મહત્વ સમજાવો | **7** |
| | **B** | રોકડ અંદાજપત્રના ફાયદાઓ જણાવો. | **7** |
| **Q-7** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | તફાવત સમજાવો : ઉદાર શાખનીતિ અને કડક શાખનીતિ | **7** |
| | **B** | 'લેણા' જાળવવાના હેતુઓ સમજાવો | **7** |
| **Q-8** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | A ના ગોદામમાં તા 15-03-2007 ના રોજ આગ લાગી રૂ 5760 સિવાયનો સ્ટોક આગથી નાશ પામ્યો. નીચેની વિગત પરથી દાવાનું પત્રક બનાવો. | **10** |

| વિગત | 2004 | 2005 | 2006 | 15-03-2007 |
|---|---|---|---|---|
| ખરીદી | 1,73,440 | 1,79,200 | 2,06,400 | 89,600 |
| વેચાણ | 2,56,000 | 2,40,000 | 2,88,000 | 96,000 |
| મજૂરી | 38,400 | 16,000 | 20,800 | 9,600 |
| ઘસારો | 12,800 | 12,800 | 11,200 | 3,200 |
| શરૂનો સ્ટોક | 88,000 | 70,400 | 52,800 | 17,600 |

સ્ટોકની કિંમત 10% વધારે આંકવામાં આવી છે.

**B** ધી K ટ્રેડર્સે રૂ 1,60,000 ની સ્ટોક વીમાની પોલિસી લીધી છે. તા. 31-10-2007 ના રોજ આગ લાગવાથી ઘણો માલસ્ટોક બળી ગયો. રૂ 40,000 નો માલ બચવી લીધો. **4**

પેઢીના ચોપડેથી નીચેની માહિતી મળે છે:

| વિગત | રકમ રૂ |
|---|---|
| તા, 1 લી એપ્રિલ 2007નાં રોજ સ્ટોક | 60,000 |
| તા. 1-4-2007 થી 31-10-2007 સુધીની ખરીદી | 3,00,000 |
| તા. 1-4-2007 થી 31-10-2007 સુધીનું વેચાણ | 2,00,000 |
| ખરીદી પર ખરીદ મેનેજરને કમિશન | 3% લેખે |
| કાચા નફાનો દર (વેચાણ પર) | 30% |

વીમા કંપની સમક્ષ રજૂ કરવાની દાવાની રકમ શોધો.